R.N.I.No. : 11555/1966

Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

# JYOTI PUNJ

AUGUST - 2017

Total - 36 Pages

Vol No. 61 Issue No.5




**ક્રિકેટ જગતની ૫૦મા વર્ષની ઝમકદાર બેટિંગ**

# SHREE BALASINOR NAVYUVAK SANGH

# CRICKET

# GOLDEN JUBILEE YEAR

**Let's Celebrate 50th Year of BNS Cricket Together**



1. **SHRI NATVERLAL CHUNILAL MODY BNS JANSATHI CRICKET TOURNAMENT**

STARTING FROM OCTOBER 2017
DATES WILL BE ANNOUNCED AT THE EARLIEST

2. **SHRI DILIPBHAI MULJIBHAI DHARIA (LALKHA) SPONSORED B.N.S. LALKHA TROPHY**

VENUE : P.J. HINDU GYMKHANA
DATE : 12TH / 13TH / 14TH & 15TH DECEMBER 2017

3. **BPL T-20 TOURNAMENT**

STARTING FROM JANUARY 2018 DATES WILL BE ANNOUNCED AT THE EARLIEST

4. **SHRI DILIPBHAI MULJIBHAI DHARIA (LALKHA) & SHRI RUPIN POONAMCHAND KADAKIA (BERA) JOINTLY SPONSORED B.N.S. LALKHA BERA T20 LEAGUE**

VENUE : P.J. HINDU GYMKHANA
DATE : 3RD / 4TH FEBRUARY 2018

5. **B.N.S. DAY & NIGHT CRICKET TOURNAMENT**
**VENUE : BALASINOR**
**FEBRUARY 2018 DATES WILL BE ANNOUCED AT THE EARLIEST**

GRAND GET TOGETHER OF ALL THE PAST & PRESENT CRICKETERS, CRICKET LOVERS & WELL WISHERS. LOTS OF OTHER EXCITEMENT THIS YEAR. LETS ALL COME TOGETHER AND CELEBRATE THIS 50TH YEAR OF CRICKET............

**FOR OTHER CRICKET MATTER PLEASE REFER PAGE NO. 21 & 23**

| | | | | | |
|---|---|---|---|---|---|
| SAUMIL MODY | BHAVESH MODY | KARTIK KADAKIA | JIGAR KADAKIA | ALPESH DHARIA | SANJIV DHARIA |
| PRESIDENT | SECRETARY | CHAIRMAN | CO-ORDINATOR | ADVISOR | CONVENER |
| (9920213426) | (9869080287) | (9820030842) | (9820331535) | (9833867601) | (9699331333) |

# જ્યોતિ પુંજ


| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૬૧ | ૫ | ૨૧-૮-૨૦૧૭ |

છુટક કિંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**



બંકિમ રજનીકાન્ત પરીખ (તંત્રી)
(જુનાગઢવાળા)
જતીન દેસાઈ / પ્રશાંત પરીખ
તુષાર કડકીઆ / નિમીષા જી. કડકીઆ
મનીષા નિ. શાહ
પત્રવ્યવહારનું સરનામું
**બંકિમ પરીખ (ફોન : ૨૨૦૫૯૬૦૧)**
ડાયમંડ ઈલેકટ્રીક કંપની, ઈ/૨૧ બી,
નિરવ મેન્શન, બીજે માળે, ભાંગવાડી
કાલબાદેવી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨.
**ફોન :** ૯૮૨૦૪૩૪૩૨૨

✤✤✤

**મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)**
**એ. કે. એન્ટરપ્રાઈઝ**
૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,
ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨
ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

✤✤✤

**: કાર્યાલય :**
૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

✤✤✤

**: સમય :**
સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)
દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.
**Visit us at www.balasinor.org**




**તંત્રી સ્થાનેથી**

## સિગ્નલોના શ્વાસમાં જીવતું આ મુંબઈ નગર

✍ **બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)**

✤ લાલ, પીળી, લીલી લાઈટોના ઈશારે દોડતો અને હાંફતો મુંબઈગરો

✤ મુંબઈગરાની સામે સિગ્નલ તોડનારાનો જોટો જડવો મુશ્કેલ છે.

✤ જીવન પ્રમાણિક અને શિસ્તમય હશે તો જીવનપથ પર આવતા સિગ્નલો ક્યારેય હંફાવી નહીં શકે.

✤ માનવીએ બનાવેલ સિગ્નલો થી ખુદ માનવી જ લાચાર

✤ સિગ્નલતળે કંઈ કેટલીય લીલાઓ ભજવાય છે અને મુંબઈગરો મૂક સાક્ષી બનીને પસાર થઈ જાય છે.

જ્યારથી સિગ્નલોની સાથે કેમેરા ફીટ થઈ ગયા છે ત્યારથી બરાબરની વાટ લાગી ગઈ છે. આ અને આવા કેટલાય નિસાસા, બેફીકરા અને સ્વચ્છંદી ડ્રાઈવરોના મોઢામાંથી સરી પડે છે. જો સિગ્નલ તોડયું તો મર્યા, જો ઝેબ્રા ક્રોસીંગ પર ગાડી ઊભી રહી તો મર્યા, ફોટો પડી ગયો ને દંડ લાગી ગયો.

સિગ્નલ, આ શબ્દો સાંભળતા જ નજર સમક્ષ લાલ, પીળી, લીલી લાઈટો ઝબૂક ઝબૂક થવા લાગે છે. લાલ એટલે થોભો, પીળી એટલે હવે તમારો વારો નક્કી છે અને લીલી એટલે આગે બઢો, ચલો ભાગો. ડ્રાઈવીંગ શિખતા નવા નિશાળીયા મિત્રો માંહે માંહે ચર્ચા કરતા હોય છે. બધી નિશાનીઓ પાકી કરી લીધી, બધું

સમજાઈ ગયું પણ ખરા નવા નવા અધ્યાય તો ફલાયઓવર બ્રીજ, જંકશન, વરલી, સાત રસ્તા, હાજીઅલી વગેરે રસ્તા પર થાય જ્યાં છ, સાત બાજુથી ગાડીઓ આવે ને પસાર થઈ જાય ત્યારે ડ્રાઈવરે પોતાની અક્કલ-હોંશિયારી લગાડવી પડતી હોય છે.

જેમ સિગ્નલથી રસ્તા પર શિસ્તબધ્ધ ટ્રાફિક કંટ્રોલ થાય છે તેમ માનવ જીવનમાં પણ કંઈ કેટલાય સિગ્નલ એવા હોય છે જે સમજવા પડતા હોય છે. કેટલાક બાપ-દાદાએ ઘડેલા હોય છે, કેટલાક ગુરુજનો પાસેથી જાણવા મળે છે તો કેટલાક આપણે પોતે ઘડવા પડતા હોય છે. જો જીવનનું સંગીત સુરીલું રાખવું હોય તો સિગ્નલોનો અમલ કરવાં જરૂરી છે નહીં તો જે રીતે ભર રસ્તે આપણી આજુબાજુ આગળ પાછળની ગાડીઓ હોર્ન વગાડીને આપણને ટોકે છે, રોકે છે, તેવા કેટલાય તાલ તમાશાને આપણે પોતે આમંત્રીયે છીએ.

ઘડીયાળનાં એલાર્મ, ચોક્કસ સમયે વાગતી ડોરબેલ, દરવાજેથી સ્કૂલ-બસના હોર્ન, સમયે સમયે થતા મંદિરના ઘંટારવ, સિનેમા-નાટયગૃહના એલાર્મ, ચોક્કસ પ્રકારની જાહેરાત તથા એનાઉન્સમેન્ટ, રિક્ષા, ટેક્સી, કાર, સ્કૂટર, બસ, ટેમ્પો, ટ્રક, જીપના હોર્ન, રેલ્વે તથા મેટ્રોના હોર્ન અને સિગ્નલ, રડાર સ્ટેશનના સિગ્નલ, સેટેલાઈટના સિગ્નલ, પ્રધાનો, દેશ-વિદેશના નેતાના ગૂઢ રહસ્યમય ઉચ્ચારણો, હોસ્પિટલ, એમ્બ્યુલન્સ, ફાયર બ્રિગેડના એલાર્મ, આફત સમયના ધરતીકંપ, પૂર, સુનામી, વાવાઝોડાના સિગ્નલો, રેડિયો, ટી.વી. દૂરદર્શન, મોબાઈલ, કોમ્પ્યુટરના સિગ્નલો વગેરે વગેરે માંથી દરેક મનુષ્ય એક અથવા બીજી રીતે અનેક સિગ્નલમાંથી પસાર થતો હોય છે. તેને અનુસરવું પડતું હોય છે.

ત્રણ ઋતુ શિયાળો, ઉનાળો, ચોમાચું આ ત્રણે ઋતુ ઘર-બહાર-ઓફિસમાં પસાર કરતાં હોઈએ છીએ પરંતુ બધા જ પ્રકારના ડ્રાઈવરો ફરજીયાત પણે આ ત્રણે ઋતુનો મોટો સમયગાળો રસ્તા પર પસાર કરતા હોય છે. આપણને આવા રિક્ષા, ટેક્ષી, બસ, ટ્રક વગેરેના ડ્રાઈવરોના ઘણા સુખદ - દુઃખદ અનુભવ જીવનકાળ દરમ્યાન થતા હોય છે.

ચાલુ સિગ્નલ રસ્તો ક્રોસ કરે તે મુંબઈગરો. કહેવત છે 'મુંબઈની કમાણી મુંબઈમાં સમાણી' એમ કહેવું પડે, જેણે મુંબઈના શ્વાસ ખાધા છે તે દેશના દરેક મુકામે શ્વાસ લેવા સક્ષમ બની જાય છે. સલામ મુંબઈ! સલામ મુંબઈના લોકોને, સલામ મુંબઈ આખાને કંટ્રોલ કરતી સિગ્નલ સિસ્ટમને.

જેમ બહારના સિગ્નલને આપણે અનુસરીએ છીએ તેમ આપણી ભીતરમાં પણ નિરંતર સિગ્નલ ચાલુ જ રહેલા જ હોય છે. આપણે તેને ઓળખવાના છે, સમજવાના છે. કોઈપણ યોગ, ઘટના અચાનક નથી બનતા. દરેક વસ્તુના એંધાણ મળતા હોય છે. જ્યારે આવી નાની નિશાનીઓ આપણે પારખી નથી શકતા, સમજી શકતા નથી ત્યાંથી જ ગડબડ પેદા થાય છે, ત્યાંથી અઘટિત બનવાના ચક્રો ગતિમાન થાય છે અને ક્યારેક માણસ ભયંકર મોટા રોગમાં ફસાઈ જાય છે. ક્યારેક અણમોલ વસ્તુ ખોઈ બેસે છે. ચપળતા કેળવો, નિરીક્ષણ પાવર વધારો. ભીતરમાં ઝાંખો, સત્યથી વાકેફ થાઓ, સત્યના સિગ્નલને ઓળખો, તેનો અમલ કરી જીવનને સત્ય અને સચ્ચાઈના માર્ગ તરફ દોરી જાઓ.

✤ ✤ ✤ ✤ ✤


સ્વ. લીલાબેન નવનીતલાલ શાહ (ખડગોધરાવાળા) ના જે જે શ્રી ગોકુલેશ

# 'મા' મશીન નથી !

- શૈલેષ કે. દેસાઈ

આજે તમે સવારે તમારી આંખ ખોલી એ પહેલા કેટલાક કામ પતી ગયા એની કદાચ તમને ખબર નહી હોય... તમારે માટે આજે રવિવાર છે પણ તમારી પત્ની કે મા માટે અઠવાડીયાનો કોઈ રવિવાર નથી.

સવારનું છાપુ આવે ત્યાંથી શરૂ કરીએ દરેક ઘરના માણસની ઈચ્છા પ્રમાણે, ટાઈમ પ્રમાણે, મુડ પ્રમાણે કરેલું કામ દરેક સ્ત્રીની ફરજ બની જાય છે. મલ્ટીનેશનલમાં પાંચ આંકડાનો પગાર કમાતી મીના હોય કે બાજુવાળા મણીબેન બન્નેના ઘરકામમાં ખાસ કોઈ ફરક પડતો નથી.

આપણે નાના હતાં ત્યારથી મા ને કામ કરતાં જોઈએ છીએ... સવારે ઉઠીને દુધવાળા ભૈયા પાસેથી દુધ લઈ શરૂ કરીને રાત્રે દુધ મેળવીને સુવા સુધીનું બધુ કામ... ઘરના બધાની ચા બનાવવી, ગરમ નાસ્તો બનાવવો પછી લંચની તૈયારી કરવી, બે બસો બદલીને બાળકને સ્કુલમાં પહોંચાડવા કે ઘર નીચે સ્કુલ બસમાં ચઢાવવા, વળી સાંજની રસોઈની તૈયારી માટે મનમાં મેનુ નક્કી કરી બાળકોને સ્કુલમાંથી આવતા વધાવવા તે ઉપરાંત દાદા-દાદીની તબિયત પ્રમાણે કે પતિ વ્યવસાયમાં વ્યસ્ત રહે તેના તરફથી કોઈ અપેક્ષા નહી. તે ઉપરાંત બાળકોનું હોમવર્ક જોવું ને કરાવવું, રોજ સવારે એર્લામની ઘંટી જોડે માંડ માંડ આંખો ખોલે કે ગઈ કાલ જેવો ડીટ્ટો દિવસ શરૂ કરતી મા ને રાત્રે પોતાના માથામાં પોતે જ તેલ નાખતી...

દરેક ઘરમાં મમ્મી આવી જ હોય છે.

આ બધાની વચ્ચે સ્ત્રી નોકરી કરતી હોય તો આ બધાની સાથે વધુ જવાબદારીનો બોજ એ અલગથી ગણી લેવાનો. ઘરમાં કહે ઘરકામમાં શું ? બધા કરે છે !

માતૃત્વને સ્ત્રીની પૂર્ણતા સમજવામાં આવે છે પુરાતનકાળથી સ્ત્રી જનની, જણનારી, વંશ ચલાવનારી, મનુષ્યતાને બરકરાર રાખનારી કહેવાય છે. રજનીશે કહ્યું છે કે પત્ની મુઠ્ઠીમાંની હવા જેવી છે, છતાં નથી, તમે ઘરમાં હો કે બહાર તમારી પત્ની સતત તમારી સાથે રહે છે. તમારા ધોયેલા શર્ટની કોલરમાં, તમારા ચોખ્ખા રૂમાલમાં, તમારા સવારે ટંકાયેલા બટનમાં, તમારા ટિફિનમાં કાળજીપૂર્વક સેલાડ, અથાણું, ચમચી વગેરેની સામે જોઈને એટલુ વિચાર્યું કે તમે તેની આસપાસ કેટલું અને કેવું જીવી શકો છે ?

દાઉદ ઈબ્રાહીમની મા હોય કે દયા નાયકની હોય કે અમિતાભ બચ્ચની હોય કે પછી મહર્ષિ અરવિન્દ પોતાની મા વિશે એક એક દરેકના મનમાં મા વિશે લાગણી સરખી જ હોય છે. મા ને યાદ કરતાં કયાંય પણ પહોંચેલો ગમે તેટલો સફળ માણસ માત્ર એક જ ભાન અનુભવી શકે.... અને એ છે વહાલનો, વાત્સલયનો એવો સ્પર્શ કે આજે પણ એને બે વર્ષનું બાળક સમજીને ખોળામાં હાલરડું સંભળાવી શકે. મધર ઈન્ડિયામાં બતાવેલો ખૂંખાર ગુનેગાર તરીકે બતાવેલો સુનિલ દત્તને મા જે ગોળી મારે છે તે પછી પોતાના ખોળામાં સુવાડે છે જે સ્પર્શનો અત્યંત તરસ્યો હતો.

દરેક પોતાની મા ને પ્લાસ્ટીકની કોથળી ને વાળીને અગત્યના કાગળો મુકતા-સાચવતા જોઈ છે, ઘરના ને શું શું ભાવશે એ પ્રમાણે મેનુ બનાવતી જોઈ છે, તે જ પ્રમાણે આગલા દિવસે શાક, બટર, કાંદા વગેરેની ખરીદી તેમજ આવવાના જવાના સમય પ્રમાણે પ્રોગામ બદલતી હોય છે. દા.ત. કોઈ બિમારને કે સોશ્યલ વિઝીટ મારવાની હોય કે ફિલ્મમાં જવાનું હોય તેના ટાઈમ સાચવવા પ્રમાણે પુરતી તકેદારીને સમયનું ભાન રાખીને પોતાનો પ્રોગ્રામ સંકેલતી-ગોઠવતી.

શું તમને ક્યારેય વિચાર આવ્યો છે? કે આ બધાની વચ્ચે એની પણ એક ઈચ્છા હશે એક નાનકડું સ્વપનું કે છુપાવી રાખેલી કોઈ ઈચ્છા એણે ક્યારેય કોઈને કહી નથી અને ઘરમાં કોઈએ એને પુછવાની તસ્દી પણ નથી લીધી.

હવે જેને સહેજ સફેદ વાળ આવવા માંડયા છે, વાંચતી વખતે કે દોરો પરોવતી વખતે જેણે ચશ્મા પહેરવા પડે છે, થોડી શરીર પર કરચલીઓ પડવા લાગી છે એ ક્યારેય થાકતી નહી હોય? એ ક્યારેય કંટાળીને કહી દે છે કે હું થાકી ગઈ છું. પણ એ વાત તમારા કાન સુધી કે તમારા મન સુધી પહોંચવા દેતી નથી. એ પણ ક્યારેય કહે છે કે મારે નથી કરવું આ બધું મારાથી થતુ નથી અને છતાં બીજી સવારે એટલા જ ઉત્સાહથી એ કશુંક ગરમ ગરમ પીરશે છે તમારા ટેબલ પર.....

તેની પાછળ તમારી ચાહ હોય છે. બાળકોને સાચવે છે, ભણાવે છે, ઉછેરની પાછળ તેની ખુબ ખુબ ચાહે છે.

મા ક્યારેય કંટાળતી નથી. હસીને કોઈપણ કામ સ્વીકારે છે. રોજ સવારે ઉઠીને તમારા ટુવાલ બાથરૂમમાં લટકાવવાથી શરૂ કરીને, ફ્રીજમાં બધી બોટલો ફ્રેશ પાણીથી ભરવી જે સ્ત્રીએ નોકરી કે વ્યવસાય કરીને કમાયેલા પૈસા પણ તમારી પર ખર્ચતા અચકાતી નથી. મોટી માંદગી કે ખરાબ સમયે દાગીના ધરતા પણ અચકાતી નથી.

શું આપણે ક્યારેય એને પુછયું છે કે એને શું જોઈએ છે? આ રૂટીનમાંથી બહાર નીકળી વરસતા વરસાદમાં શું એને ભીંજાવવું નહી ગમતું હોય ? ચોપડીઓ બારી પાસે બેસી વાંચવુ નહી ગમતું હોય? બહેનપણી સાથે નાની નાની બાબતો પર ખુબ મોટે મોટીથી ફ્રી હાસ્ય કરવું નહી ગમતું હોય? કોને કહે કે એક કપ ચાહ બનાવી આપો ?

ક્યારેક એને કશું જ ના કરવું હોય, રવિવારે મોડા ઉઠવું, પડી રહેવું, મોડા નહાવું, મોર્નિંગ શો માં પીકચર જોવું હોય ને આવીને હોટલમાં લંચ લેવું, રિમોટથી સોફા પર બેસી ચેનલો ફેરવવી.

સોમથી શનિ કરતા રવિવારે વધારે બીઝી હોય છે. આવું કેમ થાય છે. શું આપણે પુછીએ છીએ ? ? ચાલો, આજે રસોડું બંધ, 'ચા' હું બનાવીશ, ચાલો કોઈને મળવા જઈએ ને ત્યાં પાના રમીયે. બોલ તારી શું ઈચ્છા છે.

તમે જાણો છો વાંરવાર ચિડાતી-ગુસ્સો કરતી, અકળાતી કે મા કે પત્ની દિવસો, વર્ષો, મહિનાઓ સુધી રૂટીનમાં જ જીવે છે. આપણને કદાચ એની હાલત જોઈને ક્યારેક બડબડ કરતી લાગે છે, સલાહ આપતી લાગે છે. પણ હવે તેની ડોક પર, ગાલ પર કરચલીઓની શરૂઆત લાગે છે. જેને આખુ જીવન કપડાં ગળી કરી,

ઝાપટ મારવાની, શાક લાવવાનું, સમારવાનું, સવાર સાંજના ભોજનના મેનુની તૈયારી ને રાત્રે સવારે ભોજનની તૈયારી બધાની ઈચ્છા પ્રમાણે, બધાના આવવા જવાના સમય પ્રમાણે નાસ્તો તૈયાર કરવાનો. એમાં જો કોઈ માણસ કામ માટે ન આવે તો તે દિવસે કામમાં વધારો કે મહેમાનો ટપકી પડે, કે ઘરમાં માંદગી આવે તો બધા જ કામનો બોજ તેની પર. આ પ્રકારની રીપીટેટીવ સાઈકલમાંથી મા કે પત્ની ને ક્યારેય છૂટકારો મળશે ? એનો કંટાળો, અકળામણ, ચીડ તમારી સાથે નજર મળતાં બધુ ઓગળી જાય છે. શું અઠવાડીયામાં એક દિવસ તેને ઘરેડની બહાર લઈ જવાય ? તેના ગમા અણગમાની વાતો સાંભળીએ જેમાં તેને રસ પડે એક પ્રકારનો બ્રેક આપણે આપી શકીયે ? આવું કંઈક વિચારીએ કે મા મશીન નથી ! ✤✤✤

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત

શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત

# મહિલા વિભાગ

## આગામી કાર્યક્રમ

'દાંડિયા રાસ' તા. ૧૬-૯-૨૦૧૭ શનિવારના રોજ લોઢા હૉલ, શારદા વિદ્યા મંદિર, ગામદેવી ટેલિફોન એક્સચેંજ લેન, ગામદેવી ખાતે કરવામાં આવેલ છે. તેના પાસ રૂા. ૧૦૦/- માં તારીખ ૮ સપ્ટેબરના રોજ સંસ્થાની ઓફિસેથી બપોરે ૩ થી ૪ માં આપવામાં આવશે. લ્હાણીના પાસના રૂા. ૧૦૦/- રાખવામાં આવ્યા છે. કોઈપણ કમિટી મેમ્બર પાસેથી બન્ને પાસ લઈ શકાશે. **મંત્રી - ભાવેશ બીપીન મોદી**

**સંયોજક - અલ્પા સચીન કડકીયા ૯૮૧૯૬૨૯૦૬૨**



શ્રીમતી નયનાબેન પંજકકુમાર મોદી ના જે જે શ્રી ગોકુલેશ

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

## હોસ્પિટલ સહાય યોજના - સ્વાસ્થ્ય યોજના

- શ્રીમતી ચંદનબેન મણીલાલ દોશી - સ્વાસ્થ્ય યોજના
- શ્રીમતી તારાબેન કિર્તનલાલ લલ્લુભાઈ દેસાઈ - હોસ્પિટલ સહાય યોજના
- શ્રીમતી કમલાબેન ચીમનલાલ ધારીઆ (રંગુનવાળા) - ટ્રીટમેન્ટ ફોર કેન્સર
- ઉજસ અનીષ ગાંધી - ટ્રીટમેન્ટ ફોર બાય-પાસ સર્જરી
- શ્રીમતી કુમુદબેન છબીલદાસ શેઠ - ટ્રીટમેન્ટ ફોર કીડની ડાયાલીસીસ
- શ્રીમતી દમયંતીબેન પ્રવિણચંદ્ર શાહ - ટ્રીટમેન્ટ ફોર ઓર્થોપેડીક સર્જરી

## અગત્યની જાહેરાત

મંડળ સંચાલિત ઉપયુક્ત પ્રવૃત્તિઓના અનુસંધાનમાં ચાલુ વર્ષે (૨૦૧૭-૨૦૧૮) હોસ્પિટલ તથા સ્વાસ્થ્ય યોજનાની સહાય લેવા ઈચ્છુક સભ્યોને નવા ફોર્મ નીચે જણાવેલ એડ્રેસ પરથી મેળવી વિગતવાર ભરીને મોકલવું.

**મનોજ રસીકલાલ પરીખ : મયૂર ટ્રેડીંગ કોર્પોરેશન**, ૧૫૮/૧૬૦ નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, મુંબઈ - ૪૦૦૦૦૩.

**ફોન : ૨૩૪૨૮૭૮૫ (મો) ૯૮૨૦૪૩૯૧૩૪**

**મંત્રી : ભાવેશ બીપીન મોદી** **સંયોજક : મનોજ રસીકલાલ પરીખ**

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત

## શ્રી દક્ષેશભાઈ, શ્રી મિનીષભાઈ કડકીઆ (કડકીઆ એન્ટરપ્રાઈઝ) પુરસ્કૃત

# આંતરિક રમત-ગમત - ૨૦૧૭-૨૦૧૮

**સ્પર્ધાના નામો**

**(૧) કેરમ સીંગલ્સ (૨) કેરમ ડબલ્સ**

**(૩) કેરમ સુપરહીટ મુકાબલા (૪) ચેસ**

આ સ્પર્ધાનું આયોજન **તા. ૧૦-૯-૨૦૧૭, રવિવારના રોજ સવારે ૯.૩૦** વાગે સંસ્થાની ઓફિસમાં સી.પી.ટેન્ક ખાતે શરૂ થશે. જેઓને ઉપર જણાવેલ રમતમાં ભાગ લેવો હોય તો તે પ્રશાંત સુરેશચંદ્ર પરીખ અથવા સંસ્થાની ઓફિસમાં સંપર્ક કરવા વિનંતી. આંતરિક રમત- ગમતની Particitation Fee Rs.50/-રાખવામાં આવ્યા છે.

કન્વીનરને ગેમ રદ કરવી અથવા બદલવાનો અધિકાર રહેશે.

**મંત્રી - ભાવેશ બીપીન મોદી સંયોજક - પ્રશાંત સુરેશચંદ્ર પરીખ - ૯૮૩૩૮૮૪૫૦૬**

# રઢિયાળી રાતડી નો જો જે રંગ જાયના

## હો મારવાડા

### તમે એકવાર મારવાડ જાજો રે


તમે એકવાર મારવાડ જાજો રે હો મારવાડા
તમે મારવાડની મેંદી લાવજો રે હો મારવાડા
તમે ઓલું લાવજો, પેલું લાવજો
પાન સોપારી, પાનનાં બીડાં, એલચી દાણા
હોં કે પેલું લાવજો રે હો મારવાડા
તમે એક વાર બાલાસિનોર જા જો રે હો મારવાડા
તમે બાલાસિનોરના ફાફડા - ચટણી લાવજો રે
હો મારવાડા
તમે ઓલું લાવજો, પેલું લાવજો
પાન સોપારી, પાનનાં બીડાં, એલચી દાણા
હોં કે પેલું લાવજો રે હો મારવાડા
તમે એકવાર ચિત્તલ જા જો રે હો મારવાડા
તમે ચિત્તલની ચૂંદડી લાવજો રે હો મારવાડા
તમે ઓલું લાવજો, પેલું લાવજો
પાન સોપારી, પાનનાં બીડાં, એલચી દાણા
હોં કે પેલું લાવજો રે હો મારવાડા

## રાધાજીનાં ઊંચા મંદિર નીચા મો'લ

રાધાજીના ઊંચા મંદિર નીચા મો'લ
ઝરૂખડે દીવા બળે રે લોલ !
રાધા ગોરી ! ગરબે રમવા આવો
સાહેલી સહુ ટોળે વળી રે લોલ !
ગરબે રમે **દેડકી** ભાઈનાં ગોરી
હાથડિયે હીરા જડયા રે લોલ... રાધાજીના....
ગરબે રમે **ગબલી** ભાઈનાં ગોરી
આંખડિયે અમી ઝરે રે લોલ... રાધાજીના....
ગરબે રમે **માટલી** ભાઈનાં ગોરી
પગલડે પદમ જડયાં રે લોલ... રાધાજીના....
ગરબે રમે **બખલી** ભાઈનાં ગોરી
મુખલડે મોતી ઝરે રે લોલ... રાધાજીના....
રાધાજીના ઊંચા મંદિર નીચા મો'લ
ઝરૂખડે દીવા બળે રે લોલ.. રાધાજીના....

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ**
**સંચાલિત**
સુવર્ણ જયંતી ક્રિકેટ ટુર્નામેન્ટના
ચેરમેન તરીકે
**શ્રી કાર્તિકભાઈ રસીકલાલ કડકીઆની**
નિમણુંક કરવામાં આવી છે.
**મંત્રી - ભાવેશ મોદી**

**રંગોળી**




# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

## સંચાલિત

## શ્રીમતી મીનાબેન સુધીરભાઈ ધારીઆ (રંગુનવાલા)

## પુરસ્કૃત

## ઉપનગર વિભાગ



# દાંડીયા રાસ



### મુખ્ય મહેમાન

## શ્રી ભદ્રેશભાઈ લાલચંદભાઈ મોદી (બાલી)

**તા. ૧૭-૯-૨૦૧૭ને રવિવારે સાંજે ૫.૩૦ કલાકે,**

**સ્થળ : શ્રી મહિલા આધાર હૉલ, રઘુલીલા મોલની બાજુમાં, પોઈસર ડેપો, બોરીવલી (વેસ્ટ).**

ઉંમર પ્રમાણે ગ્રુપ પાડી રમાડવામાં આવશે.

આ સાથે મણીબેન મણીલાલ શાહ (ઝાટ) પુરસ્કૃત પારિતોષિક વિતરણ યોજના નર્સરી, કે.જી. અને ધોરણ ૧ થી ૯

ઉપનગર વિભાગમાં રહેતા બાળકો માટે રાખેલ છે. જેમણે માર્કશીટની કોપી ન આપી હોય તે તા. ૧૦-૯-૨૦૧૭ પહેલા સંસ્થાના નીચે જણાવેલ કાર્યકર્તાઓને પહોંચાડી આપે.

| | | | |
|---|---|---|---|
| ૧) | **શ્રી ઉર્મિલ કડકીઆ** | - | **૯૮૧૯૧૮૩૩૭૯** |
| ૨) | **શ્રી વસંત દેસાઈ** | - | **૯૮૨૧૦૫૪૩૨૯** |
| ૩) | **શ્રી અજય દોશી** | - | **૯૮૧૯૩૪૨૮૫૬** |
| ૪) | **સંસ્થાની ઓફીસ** | - | **૨૩૮૮૭૦૦૬** |

**મંત્રી - ભાવેશ મોદી** **સંયોજક - ઉર્મિલ કડકીઆ**

# નવરાત્રી ઉત્સવના મુખ્ય મહેમાનનો પરિચય (ઉપનગર વિભાગ)



શ્રી ભદ્રેશભાઈ લાલચંદભાઈ મોદી (બાલી)

સર્વ બાલાસિનોરવાસીઓને અંતઃકરણપૂર્વકના જે જે શ્રી ગોકુલેશ પાઠવતા આ વખતના નવરાત્રી-ઉત્સવના મુખ્ય મહેમાન શ્રી ભદ્રેશભાઈ લાલચંદભાઈ મોદી (બાલી) નિખાસલભાવે જણાવતાં કહે છે આપણને જે કંઈ પ્રાપ્ત થયું છે તે શ્રીજીબાવાની અસીમકૃપાથી પ્રાપ્ત થયું છે. તેમાંથી આપણે સમાજને પણ અર્પણ કરવું જોઈએ. આપણા થકી સમાજ છે અને સમાજ થકી જ આપણને ઓળખ પ્રાપ્ત થાય છે. બંને એકબીજાના પૂરક છે. આવા ઉદારદિલ અને પ્રેરણાદાયી દાતાઓથી જ સમાજ પ્રગતી કરી શકે છે.

તા. ૩-૬-૧૯૫૮ના રોજ બાલાસિનોર મુકામે મુખ્ય મહેમાન શ્રી ભદ્રેશભાઈ લાલચંદભાઈ મોદી (બાલી) નો જન્મ. તેમા પિતાનું નામ એટલે લાલચંદભાઈ ભીખાલાલ મોદી (બાલી) અને માતાનું નામ એટલે લીલાબેન લાલચંદભાઈ મોદી (બાલી). ઉંમરના પહેલા વર્ષે કુટુંબ સાથે મુંબઈ આવી ગયા અને કાયમી વસવાટ મુંબઈમાં બોરિવલી મુકામે રહ્યો. શ્રી ભદ્રેશભાઈએ B.A. Inter સુધી અભ્યાસ કર્યો છે. શ્રી ભદ્રેશભાઈની જીંદગીમાં ઘણા ઉતારચડાવ આવ્યા. કૉલેજનો અભ્યાસ અધૂરો મૂકી સૌ પ્રથમ નાગદેવીમાં કડકીઆ ટ્રેડીંગ કંપનીમાં નોકરી કરી. તેમના મોટામામા શ્રી બાબુલાલ સાંકરલાલ કડકીઆ (બેરા) ને ત્યાં અને ત્યાર પછી મહારાષ્ટ્ર બોલ્ટના કંપની શ્રી કિર્તનલાલ લાલચંદ દોશીને ત્યાં નોકરી કરી અને ત્યાં રહીને ઘણું શીખ્યા. ત્યારબાદ પોતાનો સ્વતંત્ર ધંધો શરૂ કર્યો અને ઈલેકટ્રીકલની આઈટમો બનાવવા પાલઘરમાં ફેકટરી નાખી જેનું નામ **'લાલસન'** છે.

તેમના લગ્ન તારાબેન રમણલાલ શેઠ (બોરડીવાળા) ની દિકરી મિનાક્ષી સાથે થયા છે. તેઓના બે સંતાનોમાં વ્હાલસોયી મોટી દિકરી મેઘા (M.Com.) પરણીત છે. નાના મિલનસાર દિકરા ભાવિકે MBA સુધીનો અભ્યાસ કર્યો છે અને પિતાના કારોબારમાં સંકળાયેલો છે. તેમજ **'લાલસન'** બ્રાન્ડને ચારે દિશાઓમાં ચમકાવી રહ્યો છે.

શ્રી ભદ્રેશભાઈ હાલ બોરિવલીમાં સિમ્પોલી એરિયામાં રહે છે. તેજ રીતે બાલાસિનોર મુકામે ઘરીયાવાડમાં પોતાનું સ્વતંત્ર ઘર છે. તેમજ ત્યાંના બજારમાં પીપળાવાળી શેરીની સામે પોતાની દુકાન છે.

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ મુખ્ય મહેમાનને આવકાર આપતા હર્ષની લાગણી અનુભવે છે.

# Shree Balasinor Navyuvak Sangh

## Cricket Golden Jubilee Year 2017-18

The Sangh is thankful to the following sponsor's.

**BPL T20 TROPHY Sponsor**

**Smt. Manoramaben Hasmukhlal Dharia Haste Shri Alpesh Yogendra Dharia**

**BPL T20 & JANSATHI TOUNAMENT TEAM SPONSOR'S**

1) D.C.C.
2) Shri Sachiv Chandrakant Parikh & Dr. Ketan Madhusudan Desai
3) Shri Parimal Rajnikant Shah & Shri Tejas Indravadan Shah
4) Shri Bhavik Rajesh Dharia

## Cricket Golden Jubilee Commitee for The Year 2017-18

| | | |
|---|---|---|
| Chairman | - | Mr. Kartik Kadakia |
| Cricket Co-ordinator | - | Mr. Jigar Kadakia |
| Cricket Advisor | - | Mr. Alpesh Dharia |
| Cricket Convener | - | Mr. Sanjiv Dharia |

### Fund Raising Sub-Committee

| | |
|---|---|
| Bipin Gandhi | Raju Parikh |
| Daxesh Kadakia | Rupin Kadakia |
| Gopal Sheth | Samir Desai |
| Kalpesh Dharia | Suketu Parikh |
| Minish Kadakia | Urmil Kadakia |
| Nitin Gandhi | Vinit Mody |
| Paresh Parikh | Yogesh Dharia |
| Parimal Shah | |

### Cricket Sub-Committee

| | |
|---|---|
| Apurva Dharia | Nirav Desai |
| Bhavik Parikh | Niren Dharia |
| Chirag Mody | Ripal Parikh |
| Kinjal Parikh | Rohan Desai |
| Manoj Parikh | Samir Desai |
| Miten Parikh | Samir Dharia |
| | Tejas Shah |

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલીત
# શ્રી નટવરલાલ ચુનીલાલ મોદી
# જનસાથી ટ્રોફી ક્રિકેટ ટુર્નામેન્ટ વર્ષ ૨૦૧૭-૨૦૧૮

જનસાથી ટ્રોફી ક્રિકેટ ટુર્નામેન્ટના નિયમો નીચે મુજબ છે.

૧) ફોર્મ ભરવાની છેલ્લી તારીખ : ૧૦-૯-૨૦૧૭

૨) તા. ૧૦-૯-૨૦૧૭ પછી ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં

૩) ફોર્મ સ્વીકારવાના સ્થળ અને સમય નીચે મુજબ છે.

એ) **શ્રી બાલાસિનોર નવયુવક સંઘ ઓફીસ :** ઓફીસ ટાઈમ સોમ થી શુક્રવાર બપોરના ૩ થઈ ૭ વાગ્યા સુધી. બુધવાર છોડીને, રવિવારે : સવારના ૧૦.૩૦ થી ૧૨ વાગ્યા સુધી

બી) **શ્રી સંજીવ ધારીઆ : મેચવેલ ઈલેકટ્રીક કો.**, ગ્રાઉન્ડ ફલોર, સી-બ્લોક, ભાંગવાડી, મુંબઈ-૪૦૦૦૦૨
**મોબાઈલ : ૯૬૯૯૩૩૧૩૩૩**

સી) **શ્રી કીંજલ પરીખ : વિજય ટ્રેડીંગ કંું.**, ૧૫૧, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, પહેલે માળે, મુંબઈ - ૪૦૦૦૦૩
**મોબાઈલ : ૯૮૨૦૮૧૫૫૮૪**

૪) ટુર્નામેન્ટમાં રમવા માટે પ્લેયરની જન્મ તારીખ : ૧-૧૦-૨૦૦૧ સુધી અથવા એનાથી પહેલા હોવી જરૂરી છે. ૧૬ વર્ષની નીચેના પ્લેયરોની નિમણુંક કમિટીને આધીન રહેશે.

૫) ટુર્નામેન્ટ માટે વહેલા તે પહેલાના ધોરણે ૬૮ પ્લેયરોના ફોર્મ સ્વિકારવામાં આવશે.

૬) સમગ્ર ટુર્નામેન્ટનો પ્લેયર દીઠ ફી રૂા. ૩,૦૦૦/- રહેશે.

૭) ઉપરોક્ત ફી માં બપોરનું જમવાનું, એમ્પાયરનો ખર્ચ તથા સ્કોરરનો ખર્ચ સમગ્ર ટુર્નામેન્ટ માટેનો સામેલ રહેશે.

૮) દરેક પ્લેયરે ટુર્નામેન્ટની મેચ દરમ્યાન સવારના ૯.૩૦ વાગ્યે હાજર રહેવું. ૧૦.૧૫ વાગ્યા પછી જે પ્લેયર ગ્રાઉન્ડ ઉપર આવશે તેને કોઈપણ સંજોગોમાં મેચ રમવા માટે સામેલ કરવામાં આવશે નહીં.

૯) જે પ્લેયરે ગ્રાઉન્ડ છોડવું હશે તેને ક્રિકેટ કમિટીની મંજુરી લેવી પડશે અને સામેના ટીમના કેપ્ટનની.

૧૦) દરેક પ્લેયરે વ્હાઈટ પેન્ટ, વ્હાઈટ મોજા અને વ્હાઈટ બુટ કમ્પલસરી પહેરવાના રહેશે. ટુર્નામેન્ટના નિયમ મુજબ કલરીંગ ટીર્શટ દરેક પ્લેયરને આપવામાં આવશે.

૧૧) દરેક મેચ ૪૦ ઓવરની રહેશે. જો મેચ ટાઈ થશે તો જીતવા માટે રન રેટ ગણાશે.

૧૨) દરેક બોલર ૮ ઓવર નાખી શકશે.

૧૩) દરેક પ્લેયરે ફોર્મમાં પોતાની રમવાની ખાસીયત તથા ઘરનો, ઓફીસનો અથવા મોબાઈલ નંબર જરૂરથી લખવા.

૧૪) કોઈપણ પ્લેયરને કોઈ ખાસ કારણસર ગ્રાઉન્ડ છોડવું હશે તો તેને ક્રીકેટ કન્વીનર, ટીમના કેપ્ટન અને સામેની ટીમના કેપ્ટનની પરમીશન લેવાની રહેશે. અને તેઓને બે કલાકમાં ગ્રાઉન્ડ ઉપર પાછું આવવાનું રહેશે.

૧૫) કોઈપણ પ્રકારની જાણ કર્યા વગર સંઘને ઉપરના નિયમો ફેર બદલ કરવાની પુરી સત્તા રહેશે.

૧૬) મેચની તારીખો અંદાજે ૧૪-૧૦-૨૦૧૭, ૧૫-૧૦-૨૦૧૭, ૪-૧૧-૨૦૧૭, ૫-૧૧-૨૦૧૭, ૧૧-૧૧-૨૦૧૭, ૧૨-૧૧-૨૦૧૭ ના દિવસોમાં રમાશે. ફાઈનલ રમવાની તારીખ પાછળથી આપવામાં આવશે. તારીખોમાં ફેરફાર શક્ય છે.

૧૭) દરેક પ્લેયરે ફોર્મ પોતાની જાતે જ ભરવા પડશે. ક્રિકેટ કમિટી કે કન્વીનરની કોઈ જવાબદારી એમાં રહેશે નહીં.

૧૮) ફોર્મ સંઘની વેબસાઈટ vadsol.org પરથી ડાઉનલોડ કરી શકાશે.

૧૯) સંઘના નીતી અને નિયમો મુજબ જ ફોર્મ સ્વિકારવામાં આવશે.

૨૦) કોઈપણ જાતની પૂછપરછ માટે કન્વીનર શ્રી સંજીવ ધારીઆ - ૮૯૬૯૯૩૩૧૩૩ નો સંપર્ક કરવો.

**મંત્રી - ભાવેશ બિપીન મોદી** — **સંયોજક : સંજીવ ધારીઆ**



શ્રીમતી અંજુબેન જગદીશ ધારીઆ ના જે જે શ્રી ગોકુલેશ

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

# સંસ્થા સમાચાર

શ્રી બાલાસિનોર નવયુવક સંઘની ત્રીજી બેઠક તા. ૧૭-૭-૨૦૧૭ના રોજ શ્રીમતી સુભદ્રાબેન નવીનચંદ્ર શાહ (કલકત્તાવાળા) મીટીંગ હૉલ (પ્રગતી સમાજ ઓફિસ) ખાતે પ્રમુખશ્રી સૌમિલ જીતેન્દ્ર મોદીના નેજા હેઠળ મળી હતી.

તેમા નીચે મુજબના મુદ્દાઓ હાથ ધરાયા હતા. સંસ્થાના સહમંત્રી શ્રી અલ્પેશ ધારીઆ એ ગત મીટીંગનો અહેવાલ રજુ કર્યો હતો. તે પસાર કરવામાં આવ્યો હતો.

સંસ્થાના સભ્ય શ્રી ચિરાગ પરીખ એ સ્વૈછીક રાજીનામુ આપ્યું હતું. તે ચર્ચા/વિચારણા બાદ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું હતું.

શ્રીજી મેડીકલેમના સંયોજક શ્રી તેજસ શાહ એ એમનો અહેવાલ રજુ કર્યો હતો. તે પસાર કરવામાં આવ્યો હતો.

શ્રી દક્ષેશભાઈ / શ્રી મિનીશભાઈ (કડકીઆ એન્ટરપ્રાઈસીસ) તથા શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત આંતરીક રમત-ગમતના સંયોજક શ્રી પ્રશાંત પરીખ તથા શ્રી સન્ની ગાંધીએ વિવિધ તારીખોની રજુઆત કરી હતી.

શ્રી રજનીકાંત કાંતીલાલ કડકીઆ (ધરીવાલા) પુરસ્કૃત વાર્ષિક રસોત્સવના સંયોજક શ્રી સુનિલ મોદીએ રસોત્સવની તારીખ રજુ કરી હતી અને મુખ્ય મહેમાન શ્રી પંકજભાઈ ધારીઆ (લાલખાં) ના નામની જાહેરાત કરી હતી અને તેમનો આભાર માન્યો હતો.

શ્રી રસીકલાલ ચંદુલાલ પરીખ (સરકાર) નોટબુક રાહત યોજનાના સંયોજક શ્રી અલ્પેશ ધારીઆએ તેમના હિસાબની રજુઆત કરી હતી. તે સર્વાનુમતે પસાર કરવામાં આવી હતી.

શ્રી ગીરીપુજા કોકીલાબેન પ્રવિણચંદ્ર પુનમચંદ બીન ચુનીલાલ કડકીઆ (વલ્લભઘેલા) જનતા ફી સહાય યોજનાના સંયોજક શ્રી સમીર ગાંધીએ ફોર્મ સ્વીકારવાની તારીખોની રજુઆત કરી હતી.

શ્રીમતી મીનાબેન સુધીરભાઈ ધારીઆ (રંગુનવાલા) પુરસ્કૃત ઉપનગર વિભાગના સંયોજક શ્રી ઉર્મિલ કડકીઆએ પ્રથમ પ્રોગ્રામ દાંડીયા રાસની તારીખો રજુ કરી હતી.

કુલ ૫ લીવની અરજીઓ આવી હતી. તેમના નામ જીગર કડકીઆ, કલ્પેશ ધારીઆ, રાજેન્દ્ર દેસાઈ, જગદીશ પરીખ અને અલ્પા કડકીઆ.

કુલ ૪ આજીવન સભ્યોની અરજીઓ આવી હતી. કાછીયા પટેલ સોનલ, શાહ નેવીલ પંકજ, કાછીયા દીપક મનહરલાલ અને કાછીયા રીતેશ મનહરલાલ

પ્રમુખશ્રી એ આભાર માની સભા બરખાસ્ત કરી હતી. **- મંત્રી : શ્રી ભાવેશ બીપીન મોદી**

**જ્યોતિપુંજ :** દર મહિનાની ૨૧ તારીખે જ્યોતિ પુંજ જી.પી.ઓ. પોસ્ટ ઓફિસ (વીટી) દ્વારા તમારા સરનામે પોસ્ટ કરાય છે. તેમજ ઓનલાઈન www.balasinor.org પર અપલોડ કરાય છે જેથી તમે તમારા કોમ્પ્યુટર પર પણ જ્યોતિપુંજ વાંચી શકો છો. જ્યોતિપુંજ ન મળતાં હોય તો તમે તમારું નામ, સરનામું એકવાર ચેક કરાવવા માટે શ્રી સમીર ગાંધી (નીકોશી ટ્રેડીંગ કંપની) નો સંપર્ક કરો. સરનામું બદલાયું હોયતો લેટરની બે કોપી લખી ને તેમને જ મોકલાવો. પ્રેસ થી જી.પી.ઓ પોસ્ટીંગ સુધી અમે પૂરેપૂરી તકેદારી રાખીએ છીએ. પરંતુ આ કળિયુગમાં ભ્રષ્ટાચાર અને બેજવાબદારી, બેદરકારી ઘણા ક્ષેત્રમાં પગ કરી ગઈ છે. માટે તમે તમારા એરિયાની પોસ્ટઓફિસમાં સંપર્ક કરો, ફરિયાદ કરો. જ્યોતિપુંજ દર મહિને સમયસર બરાબર મળે તે માટે તમે કોશિશ કરો. પોસ્ટ કરેલ જ્યોતિપુંજ ન મળતા હોય તો તે માટે શ્રી બાલાસિનોર નવયુવક સંઘના ટ્રસ્ટીઓ, હોદ્દેદારો, સભ્યો કે જ્યોતિ પુંજના મંત્રી તથા તંત્રી તેમજ તંત્રી મંડળના સભ્યો જવાબદાર રહેતા નથી તેની સર્વે એ નોંધ લેવી.

# કે.એમ.જી. જનરલ હૉસ્પિટલ ટ્રસ્ટ, બાલાસિનોર

**બાલાસિનોરની કે.એમ.જી. જનરલ હોસ્પિટલ (કુણીવાલા કેમ્પસ) માં નીચે મુજબના કેમ્પ યોજવામાં આવેલ.**

(૧) **ઈકો કેમ્પ :** તા. ૨-૭-૨૦૧૭ના રોજ યોજવામાં આવેલ. કુલ ૩૭ દર્દીઓના ઈકો રાહતદરે કરવામાં આવેલ.

(૨) **છારી કાઢવાનો કેમ્પ :** તા. ૨૧-૭-૨૦૧૭ના રોજ યોજવામાં આવેલ. ૨૬ દર્દીઓની આંખમાંથી રાહત દરેક છારી કાઢવામાં આવેલ.

(૩) **શ્રીમતી સરલાબેન મનહરલાલ કડકીઆ (મલમ) દાંતના રોગોનો નિદાન કેમ્પ :** તા. ૨૦-૭ ૨૦૧૭ના રોજ બાલાસિનોર કેળવણી મંડળ સંચાલિત હાઈસ્કુલોમાં યોજવામાં આવેલ. કુલ ૩૮૭ વિદ્યાર્થીઓનું ફ્રી માં નિદાન આપણી હોસ્પિટલના ફુલ ટાઈમ ડૉ. હેપ્પી શાહ દ્વારા કરવામાં આવેલ. જરૂરીયાતવાળા દર્દીઓને દવા ફ્રી આપવામાં આવેલ.

**હોસ્પિટલમાં એપ્રીલ ૧૭ થી જુન ૧૭ના માસ દરમ્યાન નીચેના વિવિધ વિભાગોમાં લાભ લીધેલ દીર્દીઓ :**

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | શ્રીમતી શર્મિષ્ઠાબેન અને રજનીકાંત નટવરલાલ કડકીઆ (ચોકસી) | ગાયનેક વિભાગ | - | ૨૭૫૨ |
| ૨. | મણીલાલ ચંદુલાલ પરીખ | એક્સરે વિભાગ | - | ૧૨૮૦ |
| ૩. | શ્રી ગોકુલનાથજી મંદિર રજત જયંતિ ઉત્સવ | હેમોગ્લોબીન વિભાગ | - | ૩૪૪૧ |
| ૪. | લીલાબેન કીર્તનલાલ દોશી | નેત્ર વિભાગ | - | ૩૧૬૬ |
| ૫. | શ્રી શાંતિલાલ રવચંદદાસ શાહ (ચોકસી) | સર્જીકલ વિભાગ | - | ૬૪૬ |

**કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ – સુપર સ્પેશ્યાલીટી સેન્ટર માટે વધુ નોંધાયેલ દાન :**

૧. સ્વ. તારાબેન શાંતીલાલ કડકીઆના પરીવાર તરફથી — રૂા. ૭૫,૦૦૦/-

સંસ્થા દાતાશ્રીનો ખૂબ ખૂબ આભાર માને છે.

સુપર સ્પેશ્યાલીટી સેન્ટર :

શ્રી કમળાબેન શાંતિલાલ પરીખ (કુવાવાળા) સુપર સ્પેશ્યાલીટી સેન્ટરના બાંધકામનું કામ અંતિમ તબક્કામાં ચાલી રહેલું છે. બહારના પ્લાસ્ટરની કામગીરી પૂરી થવાના આરે છે. સાથે સાથે ફ્લોરીંગ વિગેરેની કામગીરી પણ ચાલુ છે. દાતાશ્રીઓને અગાઉની જાહેરાત મુજબની સ્કીમો માટે દાન આપવા વિનંતી.

**શ્રી રાજેન્દ્ર દેસાઈ, શ્રી નિતીન પરીખ – માનદ્ મંત્રીઓ**

**ANNUAL GENERAL MEETING OF**

**KACHERIA MOJILAL GORDHANDAS GENERAL HOSPITAL TRUST AND SEVA**

SAMAJ WILL BE HELD ON 22.09.2017 FRIDAY

AT SHRIMATI SUBHADRABEN N.SHAH(KOLKATAWAL)

MEETING HALL OF SHREE BALASINOR PRAGATI SAMAJ, AT 6.30PM.

ALL MEMEBERS PLEASE ATTEND IN LARGE NUMBERS.


શ્રીમતી પુષ્પાબેન ભીખાલાલ કોટીઆ ના જે જે શ્રી ગોકુલેશ

# શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ

વાડાસિનોર વૈષ્ણવો જોગ,
પ્રિય વૈષ્ણવો,

ઉપરોક્ત સમાજ છેલ્લા ઘણા વર્ષોથી શ્રી મહાઓચ્છવ તથા મહાઓચ્છવનો મનોરથ (પ્રસાદ લેવાનું) આયોજન કરે છે.

પરંતુ હવે મનોરથીઓના અભાવે તથા અન્ય સંજોગોને આધીન ચાલુ વર્ષથી શ્રી મહાઓચ્છવના નિમિત્તે મનોરથનું (એટલે પ્રસાદ લેવાનું) આયોજન બંધ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

તા. ૮-૭-૨૦૧૭ના દિવસે મળેલી સમાજની કાર્યવાહક કમિટિના સભ્યોની એક મિટિંગમાં શ્રી મહાઓચ્છવના મનોરથનું (પ્રસાદ લેવાનું) આયોજન બંધ કરવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું છે. પરંતુ ઉત્સવ ઉજવવાનું ચાલુ રાખવામાં આવ્યું છે.

## શ્રી મહાઓચ્છવ

ચાલુ વર્ષે માગશર સુદ ૭ ને રવિવાર, તા. ૨૬-૧૧-૨૦૧૭ ના દિવસે શ્રી મહાઓચ્છવ વાડીમાં ઉજવવામાં આવશે.

આ માટે નવેસરથી મનોરથીઓ લેવામાં આવશે. મનોરથી બનવા ઈચ્છા રાખતા વૈષ્ણવે રૂા. ૩૧,૦૦૦/- એકત્રીસ હજાર આપવાના રહેશે.

જે વૈષ્ણવની મનોરથી બનવાની ઈચ્છા હોય તેને સમાજના મંત્રી શ્રી મંજુલ ધારિયાનો મો. ૯૮૨૦૧૩૫૦૧૪ ઉપર સંપર્ક સાધવો.

'વહેલો તે પહેલો' આ ધોરણે મનોરથી લેવામાં આવશે. જેનો ફોન પહેલા આવશે તેને આ વર્ષનો ઉત્સવનો મનોરથી ગણવામાં આવશે. પછી આવેલા ને નંબર પ્રમાણે જે તે વર્ષ માટેના મનોરથી ગણવામાં આવશે.

મનોરથી બનનારે નક્કી થયા પછી ૧ મહિનામાં રૂા. ૧૦,૦૦૦/- આપવાના રહેશે. બાકીની રકમ જે તે વર્ષના ઓચ્છવના છ મહિના પહેલાં આપવાની રહેશે.

ઉત્સવ ધામધૂમથી વાડીમાં ઉજવાશે. વાડીમાં તે દિવસે મનોરથીનું ઉચિત સન્માન કરવામાં આવશે.

આ અલભ્ય પ્રસંગ છે. શ્રી ગોકુલેશ પ્રભુના પ્રાક્ટયનો મહા મહા ઓચ્છવનો પ્રસંગ છે, તો લાભ જરૂર લેશોજી.

**- મંજુલ ધારિયા - મંત્રી**

# મારે સંગીતને જાણવું છે

- મનીષા શાહ

ગયા અંકમાં આપણે તાલ વિષે જાણ્યું. હવે જાણીએ સંગીતમાં વપરાતા વિવિધ પ્રકારના વાદ્યો અને વિભાજિત કરવામાં આવ્યા છે ૪ વર્ગોમાં. તત, સુધિર, અવનદ્ધ અને ધન

**૧) તત વાદ્ય** : જે વાદ્યોમાં તાર અથવા તાંતણાથી સ્વર ઉત્પન્ન થાય તેને તત વાદ્ય કહેવાય. ઉદાહરણ તરીકે તાનપુરા, બેલા, સારંગી, સિતાર, સરોદ વગેરે. આ બધા વાદ્યોમાં વીણામાંથી ઉત્પન્ન થયા છે. તેથી વીણાને તો વાદ્યોની જનની કહેવાય છે. તાનપુરાને આંગળીઓથી, સરોદને ધાતુની પત્તીથી, બેલા, સારંગીને લાકડીથી વગાડાય છે.

**૨) સુધિર વાદ્ય** : આ વાદ્ય એટલે હવાથી સ્વર ઉત્પન્ન થાય છે. **ઉદાહરણ :** હારર્મોનિયમ, શહનાઈ, શંખ, બાંસુરી વગેર. બાંસુરી, શંખમાં છિદ્રમાંથી અવાજ ઉતપન્ન થાય.

**૩) અવનદ્ધ વાદ્ય** : જે વાદ્યમાં ચામડાના ઉપર મારવાથી સ્વર ઉત્પન્ન થાય. **ઉદાહરણ :** તબલા, ઢોલક, પખવાજ, ડમરુ, નગારા વગેરે.

**૪) ધન વાદ્ય** : જે વાદ્યો ધાતુ અથવા લાકડીથી સ્વર ઉત્પન્ન કરી શકે. **ઉદાહરણ :** મંજીરા, ઝાંઝ, જલતરંગ વગેરે

આમા સ્વરની સ્થિરતા બહુ સમય નથી રહેતી.

હિન્દુસ્તાની સંગીતમાં વરસાદને લગતા કેટલાક રાગ બનાવવામાં આવ્યા છે.

તાનસેને શોધ્યા છે રાગ મેઘ મલ્હાર, મિયાં મલ સુરદાસે શોધ્યો છે રાગ સૂર મલ્હાર, રામદાસે શોધ્યો છે રાગ રામદેસી મલ્હાર.

તે ઉપરાંત મધુ મલ્હાર, મિશ્ર મેઘ મલ્હાર, ધુલિયા મલ્હાર, ગોડ મલ્હાર પણ ગવાય છે.

ક્યારેક ફિલ્મી સંગીતમાં માલકૌંસ, મહીમાં પણ વરસાદના ગીતો રચાય છે.

આવતા અંકમાં આપણે જાણશું રાગ મહી વિશે.

## શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોતેજક મંડળ
## ૯૩મી વાર્ષિક જનરલ સભા

આથી સર્વ સભસદોને જણાવાનું કે ઉપરોક્ત સંસ્થાની ૯૩ મી વાર્ષિક જનરલ સભા તા. ૧૭-૦૯-૨૦૧૭ના રોજ સવારે ૯.૩૦ કલાકે રામા વટુમલ ઓડિટોરીયમ, કે.સી. કોલેજ, દિનશા વચ્છા માર્ગ, ચર્ચગેટ, મુંબઈ-૪૦૦૦૨૦ મુકામે રાખેલ છે.

સભાસદોને હાજર રહેવા વિનંતી.

**મંત્રી - મંજુલ શૈલેષ ધારીયા (૯૮૨૦૧૩૫૦૧૪)**
**જાસ્મીન બિપીન શેઠ (૯૮૨૦૮૩૦૦૬૦)**

## શ્રી મહાપ્રભુજી ગુરૂ મારા હૈયામાં બિરાજો

**- પ્રવિણા કડકીયા**

શ્રી મહાપ્રભુજી ગુરૂ મારા હૈયામાં બિરાજો
હૈયામાં બિરાજો મુજને સત્ય સમજાવો
અગ્નિકુંડમાંથી પ્રગટયા તમે ભુતલ સોહાવો
શ્રી મહાપ્રભુજી ગુરૂ મારા હૈયામાં બિરાજો

ભવસાગરમાં ભૂલી પડી હું આવી તારે દ્વારે
જીવનન નૈયા મારી, તારી કૃપા પાર ઉતારે
અષ્ટાક્ષરનું સુમિરન સદા વસતું મારે ઉરે
શ્રી મહાપ્રભુજી ગુરૂ મારા હૈયામાં બિરાજો

પુષ્ટિમારગનું પાન કરવા આવી ઉભી બારણિયે
હાથ ઝાલી મહાપ્રભુજી પ્રવેશ દેજો આંગણિયે
વિનંતી મારી સ્વિકારજો પડું હું તારે પાયે
શ્રી મહાપ્રભુજી ગુરૂ મારા હૈયામાં બિરાજો

બ્રહ્મસંબંધની દીક્ષા આપી શરણે તારે લીધી
પુષ્ટિમાર્ગની રીત શિખવી સેવા અમને દીધી
તારે શરણે મહાપ્રભુજી પ્રેમની પ્યાલી પીધી

શ્રી મહાપ્રભુજી ગુરૂ મારા હૈયામાં બિરાજો
હૈયામાં બિરાજો અમને સત્ય સમજાવો
શ્રી મહાપ્રભુજી ગુરૂ મારા હૈયામાં બિરાજો

# વાડાસિનોર પ્રગતિ સમાજ કો.ક્રે.સો.લિ.

## ૩૧મી વાર્ષિક સામાન્ય સભાનો અહેવાલ

ઉપરોક્ત સોસાયટીની ૩૧મી વાર્ષિક સામાન્ય સભા તા. ૨૦.૦૭.૨૦૧૭ના ગુરુવારના સાંજે ૭ કલાકે પ્રમુખ શ્રી પ્રફુલ્લભાઈ શાહના નેજા હેઠળ તેજપાલ સભાગૃહ ખાતે પાર પડી હતી. કુલ ૩૬૫ સભ્યોની હાજરી નોંધાઈ હતી.

રાષ્ટ્રગાન ના સન્માન સાથે સભાની શરૂઆત થઈ હતી. ત્યારબાદ ચેરમેન શ્રી કૌષીકભાઈ કડકિયા દ્વારા વર્ષ ૨૦૧૬-૨૦૧૭ દરમ્યાન હાથ ધરાયેલ કાર્યનો અહેવાલ રજુ થયો હતો. સોસાયટીનો અન્વેષિત આવક જાવક નો હિસાબ, સરવૈયા સહિત રજુ થયા બાદ તેને હાજર રહેલ શેયર ધારક સભ્યો દ્વારા સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી. સ્ટેચ્યુટરી ઓડીટ રિપોર્ટ તથા રેક્ટીફીકેશન રિપોર્ટ ને સભા દ્વારા મંજૂરી અપાઈ હતી. સોસાયટીના કુલ ચોખ્ખા નફામાંથી શેયર ધારક સભ્યોને ૧૫ પ્રતિશત ડીવીડંડની ભલામણ ને સભા દ્વારા સર્વાનુમતે મંજૂરી મળી હતી.

સભા દ્વારા સોસાયટીના Internal Auditor મે. આઈ.ઓ.ધારિયાની કું Statutory Auditor શ્રીમતી જ્યોતી પી. નિંબાલકર Hon. Legal Advisorશ્રી જસવંતલાલ કોદરલાલ પરીખ Grievance Redressal & Compromise Committee ના સંયોજક તરીકે શ્રી વસંત શાંતીલાલ પરીખની ભલામણને સર્વાનુમતે મંજૂરી અપાઈ હતી.

રાબેતા મુજબ હાજર રહેલ શેયર ધારક સભ્યોને ચેરમેન શ્રી કૌશીકભાઈ કડકિયા તરફથી આર્કષક ભેટ અપાઈ હતી.

**વાડાસિનોર પ્રગતી સમાજ કો.ક્રે.સો.લિ. વતી**
**માનદ્ મંત્રીઓ**
**શ્રી મંજુલશૈલેશકુમાર ધારિયા**
**શ્રી નિતિન પ્રવિણચંદ્ર ગાંધી**

---

**SHREE BALASINOR PRAGATI SAMAJ AND**
**SHREE VADASINOR NAVYUVAK MANDAL /MEDICAL TRUST**

**A.G.M.WILL BE HELD ON 26.09.2017 TUESDAY AT**
K.C.COLLEGE AUDITORIUM, CHURCHGATE ,6.30 PM .
ALL MEMBERS PLEASE ATTEND IN LARGE NUMBERS.

# વાડાસિનોર પ્રગતિ સમાજ કો.ક્રે.સો.લિ.

હાલની પરિસ્થિતિનુસાર તથા બેન્કો દ્વારા ઘટાડવામાં આવેલ વ્યાજ દરોને અનુલક્ષી વાડાસિનોર પ્રગતી સમાજ કો.ક્રે.સો.લિ. એ નવા ઘટાડેલ વ્યાજ દરો તાત્કાલીક અમલમાં મુકવાનો નિર્ણય લિધેલ છે. આ વ્યાજ દરો તા. ૨૧-૭-૨૦૧૭ થી અમલી બન્યા છે. જે નીચે મુજબના હશે.

| | જૂના દરો | નવા દરો |
|---|---|---|
| ધંધાકિય કર્જ | ૧૧ % | ૧૦ % |
| રહેઠાણ જગ્યા, ગાડી, સ્કુટર અન્ય કર્જ | ૧૦ % | ૯ % |
| રીકરીંગ ડીપોઝીટ ૧ વર્ષ થી ૨ વર્ષની અંદર | ૫.૭૫ % | ૫.૫૦ % |
| રીકરીંગ ડીપોઝીટ ૨ વર્ષ થી વધુ | ૬.૨૫ % | ૬.૦૦ % |
| ફીક્સ ડીપોઝીટ ૧ વર્ષ સુધી | ૬.૨૫ % | ૬.૦૦ % |
| ફીક્સ ડીપોઝીટ ૧ વર્ષ સુધી સીનીયર સીટીઝન | ૬.૭૫ % | ૬.૫૦ % |

**ખાસ નોંધ :**

૧. જે કોઈ શેયર ધારકોએ જુના શેયર સર્ટિફિકેટની બદલીમાં સોસાયટી દ્વારા જારી થયેલ નવા શેયર સર્ટિફિકેટ ન મેળવ્યા હોય તેઓને વહેલમાં વહેલી તકે બદલાવી લેવા વિનંતી.

૨. જે કોઈ શેયર ધારકોએ પોતાનાં K.Y.C.ની વિગતો સોસાયટીમાં આપવાની બાકી હોય તેઓને વહેલામાં વહેલી તકે K.Y.C. ફોર્મ સંર્પૂણ વિગતો સાથે જરૂરી દસ્તાવેજોની નકલ સહિત જમા કરાવવા વિનંતી.

૩. જે કોઈ શેયર ધારકોએ તેઓની ડીવીડન્ટની રકમ સોસાયટીમાંથી પ્રાપ્ત ના કરી હોય તેઓને વહેલામાં વહેલી તકે પ્રાપ્ત કરીલેવા વિનંતી.

**વાડાસિનોર પ્રગતી સમાજ કો.ક્રે.સો.લિ. વતી**

**માનદ્ મંત્રીઓ**

**શ્રી મંજુલ શૈલેશકુમાર ધારિયા**

**શ્રી નિતિન પ્રવિણચંદ્ર ગાંધી**

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામા

1. **Bhadresh Lalchand Modi**
   Flat No. - 002, Bhagyayog CHSL,
   Near Veg Treat-1 Hotel, Above ICICI Bank,
   Kastur Park, Shimpoli Road, Borivali (W),
   Mumbai - 400092 **(M) : 9869359912 / 9821372989 / 9969122080**

**સુધારો : અલ્પેશ નવનીતલાલ શાહ**
(ખડગોધરાવાળા) - ૯૮૨૦૭૭૮૦૧૮

## મૃત્યુ નોંધ

| | વર્ષ |
|---|---|
| ❖ કુસુમબેન બાબુલાલ કડકીઆ (બેરા) | ૮૪ |

**પ્રભુ સદ્ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

**નેત્રદાન (ચક્ષુદાન) માટે સંપર્ક કરો - ૧૯૧૯**